ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ, સુરત
સ્પોર્ટ્સ લાઇન

ડોપિંગ ટેસ્ટના ઈનકાર બદલ વોન્ડ્રોસોવા પર 4 વર્ષનો પ્રતિબંધ

પૂર્વ વિમ્બલડન ચેમ્પિયન વોન્ડ્રોસોવાએ પોતાના બચાવમાં માનસિક તણાવ અને ડરનો હવાલો આપ્યો

લંડન, તા. 22 : માજી વિમ્બલડન ચેમ્પિયન માર્કેટા વોન્ડ્રોસોવા પર એન્ટી-ડોપિંગ ટેસ્ટ કરાવવાનો ઈનકાર કરવા બદલ સોમવારે ચાર વર્ષનો પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જોકે, આ ચેક ખેલાડીએ બચાવમાં માનસિક તણાવ અને ડરનો હવાલો આપ્યો હતો. તેણે જણાવ્યું હતું કે જ્યારે ટેસ્ટિંગ એજન્ટે રાત્રે મોડેથી પોતાની સાચી ઓળખ આપ્યા વિના મારા ઘરની ઘંટડી વગાડી ત્યારે હું ડરી ગઈ હતી. ઈન્ટરનેશનલ ટેનિસ ઈન્ટિગ્રિટી એજન્સી (ITIA) એ આ જાહેરાત કરતા જણાવ્યું હતું કે, વોન્ડ્રોસોવાએ ગયા ડિસેમ્બરમાં ટેસ્ટ આપવાનો ઈનકાર કર્યો હતો અને એક સ્વતંત્ર ટ્રિબ્યુનલ (અદાલત) દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે. વોન્ડ્રોસોવા 2023ની ટાઈટલ મેચમાં ઓન્સ જેબુરને હરાવીને વિમ્બલ્ડનની પ્રથમ અનસીડેડ મહિલા ચેમ્પિયન બની હતી. તે જ વર્ષે તે કારકિર્દીના સર્વોચ્ચ છઠ્ઠા ક્રમે પહોંચી હતી.

26 વર્ષીય વોન્ડ્રોસોવાએ એપ્રિલમાં એક ઈન્સ્ટાગ્રામ પોસ્ટ દ્વારા આ ચૂકી ગયેલા ટેસ્ટ અંગે વિગતવાર પ્રતિક્રિયા આપી હતી. વોન્ડ્રોસોવાએ જણાવ્યું હતું કે મારા માટે આ વિશે વાત કરવી ખૂબ જ મુશ્કેલ છે, પરંતુ હું મારા માનસિક સ્વાસ્થ્ય અંગે તમારી સાથે પારદર્શક રહેવા માંગુ છું. તાજેતરની ડોપિંગ કંટ્રોલની ઘટના એટલા માટે બની કારણ કે મહિનાઓના શારીરિક અને માનસિક તણાવ પછી હું ખૂબ જ ખરાબ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહી હતી.

સેરેના 44 વર્ષની વયે વિમ્બલડન મહિલા સિંગલ્સમાં વાપસી કરશે

લંડન, તા. 22 (એપી) : સેરેના વિલિયમ્સે ત્રણ અઠવાડિયા પહેલા જાહેરાત કરી હતી કે તે ચાર વર્ષ પછી પ્રોફેશનલ ટેનિસમાં પરત ફરી રહી છે, અને હવે સ્પષ્ટ થઈ ગયું છે કે આ દિગ્ગજ ખેલાડી 44 વર્ષની ઉંમરે વિમ્બલડનની મહિલા સિંગલ્સમાં પોતાનો જાદુ બતાવવા તૈયાર છે. છેલ્લા ત્રણ અઠવાડિયાથી એવી અટકળો ચાલી રહી હતી કે 23 વખતની ગ્રાન્ડ સ્લેમ ચેમ્પિયન સેરેના વિમ્બલડન સિંગલ્સમાં રમશે કે નહીં, પરંતુ હવે ઓલ ઈંગ્લેન્ડ ક્લબે એક વાક્યના નિવેદનમાં આ વાતને સ્પષ્ટ કરી દીધી છે. ઓલ ઈંગ્લેન્ડ ક્લબે એક નિવેદનમાં જણાવ્યું હતું કે સેરેના વિલિયમ્સને મહિલા સિંગલ્સમાં અંતિમ વાઇલ્ડ કાર્ડ આપવામાં આવ્યું છે.

અમદાવાદ CWGમાં 17 રમતો રમાશે, અગાઉ કરતાં 60% ઓછો ખર્ચ થશે

અમે અમદાવાદમાં ફરીથી 17 રમતોના કાર્યક્રમ તરફ પાછા ફરી રહ્યા છીએ : કોમનવેલ્થ સ્પોર્ટ સીઇઓ

લંડન, 22 જૂન : કોમનવેલ્થ સ્પોર્ટના સીઈઓ કેટી સેડલીયરે સોમવારે જણાવ્યું હતું કે, અમદાવાદમાં યોજાનારી 2030 કોમનવેલ્થ ગેમ્સમાં 17 રમતોનો સમાવેશ કરવામાં આવશે. કોમનવેલ્થ સ્પોર્ટના નવા હોસ્ટિંગ મોડલના ભાગરૂપે આ ગેમ્સ અગાઉની આવૃત્તિઓ કરતાં આશરે 60 ટકા ઓછા ખર્ચે આયોજિત કરવામાં આવશે.

આવતા મહિને શરૂ થઈ રહેલી 2026 ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સ એક નાનું સંસ્કરણ હશે, જેમાં ઈવેન્ટને વધુ કરકસરયુક્ત બનાવવાના હેતુથી 10 સામાન્ય અને 6 પેરા સ્પોર્ટ્સનો સમાવેશ કરાયો છે. જોકે, 2030માં અમદાવાદ ગેમ્સ માટે આ કાર્યક્રમનો મોટો વિસ્તાર કરવામાં આવશે. સેડલીયરે એક વર્ચ્યુઅલ મીડિયા બ્રીફિંગમાં જણાવ્યું કે, અમે અમદાવાદમાં ફરીથી 17 રમતોના કાર્યક્રમ તરફ પાછા ફરી રહ્યા છીએ. અમે આ કાર્યક્રમ નક્કી કરવા માટે હાલમાં ઈન્ડિયન ઓલિમ્પિક્સ કમિટી અને ભારત સરકાર સાથે મળીને કામ કરી રહ્યા છીએ.

ખર્ચમાં વધારો અને બજેટની ચિંતાઓને કારણે જુલાઈ 2023માં ઓસ્ટ્રેલિયાના વિક્ટોરિયા રાજ્યએ પીછેહઠ કર્યા બાદ, ગ્લાસગો 2026ની ગેમ્સની યજમાની કરવા માટે આગળ આવ્યું હતું. પોતાના 'ગેમ્સ રીસેટ' સિદ્ધાંતોના ભાગરૂપે, કોમનવેલ્થ સ્પોર્ટે અગાઉની આવૃત્તિઓ કરતાં યજમાનીના ખર્ચમાં ધરખમ ઘટાડો કરવાનો પ્રયાસ કર્યો છે.

સેડલીયરે જણાવ્યું કે, ભવિષ્ય માટેના અમારા નવા આયોજનમાં ખર્ચમાં 60 ટકાનો ઘટાડો એ એક મુખ્ય ભાગ છે, અને અમે અમદાવાદ માટે આ જ લક્ષ્ય રાખ્યું છે. ગ્લાસગોએ બર્મિંગહામ ગેમ્સ કરતાં ખર્ચમાં 60 ટકાથી પણ વધુનો મોટો ઘટાડો કરીને શાનદાર કામ કર્યું છે. આ ખર્ચ કપાતને સરળ શબ્દોમાં સમજીએ તો, 2022ની બર્મિંગહામ કોમનવેલ્થ ગેમ્સનો ખર્ચ અંદાજે 78 કરોડ પાઉન્ડ (780 મિલિયન પાઉન્ડ) થયો હતો, જ્યારે 2026ની ગ્લાસગો આવૃત્તિ માત્ર 16 કરોડ પાઉન્ડ (160 મિલિયન પાઉન્ડ)ની આસપાસ પૂર્ણ થવાની અપેક્ષા છે.

સ્ટોક્સ-એટકિન્સનને નાઈટક્લબ વિવાદમાં તપાસ સમિતિની ક્લીન ચીટ

હવે બંનેમાંથી કોઈ પણ ખેલાડી સામે કોઈ આગળની કાર્યવાહી કરવામાં આવશે નહી : સ્વતંત્ર ક્રિકેટ રેગ્યુલેટર

લંડન, તા. 22 : આ મહિનાની શરૂઆતમાં ન્યૂઝીલેન્ડ સામે ઈંગ્લેન્ડની જીત બાદ બનેલી એક નાઈટક્લબની ઘટના અંગે રમતની સ્વતંત્ર તપાસ સમિતિએ સોમવારે ઈંગ્લેન્ડના ક્રિકેટ કેપ્ટન બેન સ્ટોક્સ અને તેના સાથી ખેલાડી ગસ એટકિન્સનને નિર્દોષ જાહેર કર્યા છે. ઈંગ્લેન્ડ એન્ડ વેલ્સ ક્રિકેટ બોર્ડ (ઈસીબી) તરફથી લેખિત ચેતવણી મળ્યા બાદ, સ્ટોક્સ અને એટકિન્સન ગુરુવારથી શરૂ થનારી ન્યૂઝીલેન્ડ સામેની ત્રીજી ટેસ્ટ મેચ માટે ટીમમાં વાપસી કરવાના જ હતા. અગાઉ આ વિવાદના કારણે તેમને બીજી ટેસ્ટ મેચમાંથી બહાર રાખવામાં આવ્યા હતા.

સ્વતંત્ર ક્રિકેટ રેગ્યુલેટરે સોમવારે જણાવ્યું હતું કે, હવે બંનેમાંથી કોઈ પણ ખેલાડી સામે કોઈ આગળની કાર્યવાહી કરવામાં આવશે નહીં. રમતના નિયમોનું પાલન કરાવતી સંસ્થા 'ક્રિકેટ રેગ્યુલેટર'એ જણાવ્યું હતું કે તેમણે પુરાવા એકત્ર કરવા અને તેની તપાસ કરવા માટે ઘણા પાસાઓ પર પૂછપરછ કરી હતી. તેમણે એક નિવેદનમાં જણાવ્યું કે, હાલમાં ઉપલબ્ધ તમામ માહિતીની ઝીણવટપૂર્વક સમીક્ષા કર્યા પછી, ક્રિકેટ રેગ્યુલેટરે નક્કી કર્યું છે કે કોઈ નિયમનો ભંગ થયો હોય તે સાબિત કરવા માટે પૂરતા પુરાવા નથી.

પ્રીતમ 10 મીટર એર રાઈફલમાં જુનિયર વર્લ્ડ ટાઈટલ જીત્યો

સુહલ, તા. 22 : યુવા ભારતીય શૂટર પ્રીતમ કેન્દ્રેએ ગઈકાલે રવિવારે અહીં ISSF જુનિયર વર્લ્ડ ચેમ્પિયનશિપમાં પુરુષોની 10 મીટર એર રાઈફલ ઈવેન્ટમાં કૌશલ્ય અને એકાગ્રતાનું શાનદાર પ્રદર્શન કરીને ગોલ્ડ મેડલ જીત્યો. ભારતે મહિલાઓની 25 મીટર પિસ્તોલ ટીમ ઈવેન્ટમાં પણ બ્રોન્ઝ મેડલ જીત્યો, જેનાથી તેના મેડલની સંખ્યા 11 થઈ ગઈ, જેમાં પાંચ ગોલ્ડ મેડલનો સમાવેશ થાય છે. પોતાની બીજી આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટમાં ભાગ લઈ રહેલા 16 વર્ષીય પ્રીતમએ આઠ ખેલાડીઓની ફાઈનલમાં 251.3નો સ્કોર કરીને તટસ્થ ટીમોફે એલેનિકોવ અને નોર્વેના જેન્સ ઓસ્ટલીને હરાવીને ભારતને ગોલ્ડ મેડલ અપાવ્યો.

RAJHANS
ગોપીતળાવ નવસારી બજાર, સુરત

કોકટેલ-2
૧૦.૩૦, ૧૨.૦૦, ૧.૩૦, ૩.૦૦, ૪.૩૦, ૬.૦૦, ૭.૩૦, રાત્રે ૯.૩૦, ૧૦.૧૫
જીંદગી વન્સ મોર
(ગુજરાતી) ૪.૦૦, ૭.૦૦, રાત્રે : ૯.૪૫
હોન્ટેડ ૧:૦૦
થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

ફક્ત રૂા. ૮૦/- થી શરૂ
રોમાંન્ચક લવસ્ટોરી.. મ્યુઝીકલ

કોકટેલ ભાગ-2
શાહીદ કપૂર, રશ્મિકા મંદાના, કૃતિ સેનન
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે : ૯.૩૦
વિક્રમભટ્ટનું હોરર સસ્પેન્સ

હોન્ટેડ
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦
RUPAM CINEMA
એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

APPLE CINEMA
ફ્રી માળ, એક્ઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત.
★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર
99984 46007
Book Tickets Now from : bookmyshow.com paytm
@applecinemasurat
ઓલપાડ બસ ડેપોમાં હવેથી એપલ (મલ્ટીપ્લેક્ષ) ની સિનેમાની ટીકીટો બુકીંગ માટે ઓફિસ ખોલવામાં આવી છે.

રોમેન્ટિક લવસ્ટોરી

કોકટેલ - 2
૯.૦૦, ૯.૩૦, ૧૦.૦૦, ૧૨.૦૦, ૧૨.૩૦, ૨.૩૦, ૩.૦૦, ૩.૩૦, ૫.૨૦, ૬.૦૦, ૬.૩૦, ૭.૦૦, રાત્રે : ૯.૦૦, ૯.૩૦, ૧૦.૦૦, ૧૦.૩૦, ૧૧.૦૦

ફેમિલી ગુજરાતી

જીંદગી વન્સ મોર
સિદ્ધાર્થ રાંદેરિયા
૯.૦૦, ૧૨.૦૦, ૨.૦૦, ૩.૫૦, ૫.૩૦, ૭.૦૦, રાત્રે : ૯.૩૫, ૧૦.૦૦

ગુજરાતી ફેમિલી
બધુ ઓલરાઈટ છે
૯.૦૦, ૧૨.૫૦, ૨.૩૫, રાત્રે : ૮.૦૫
હૈ જવાની તો ઈશ્ક હોના હૈ
૯.૧૦, ૧૨.૦૦, ૨.૧૦, ૩.૫૦, રાત્રે : ૧૦.૩૫
Toy Story - 5
(હિન્દી) ૯.૩૦, ૩.૦૦, ૫.૦૦
ભારત ભાગ્ય વિધાતા
સવારે : ૧૧.૩૫, રાત્રે ૮.૧૦
ગવર્નર ૧૧.૫૦, ૪.૪૦, રાત્રેઃ ૮.૧૦
પેડ્ડી ૧૧.૩૦, ૪.૪૦, ૬.૩૦, રાત્રે :૧૦.૦૦
કૃષ્ણાવતારામ-1 (હિન્દી) : સવારે ૯.૧૦

પશ્ચિમ રેલવે
વડોદરા મંડળ
OHE ફેરફાર અને અન્ય સંલગ્ન કાર્ય
ટેન્ડર નં.: EL-TRD-Tender-25-26-38-1 ભારતના રાષ્ટ્રપતિ વતી મંડળ રેલ પ્રબંધક (ઇલેક્ટ્રિકલ TRD), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા – 390004 દ્વારા નીચે દર્શાવેલ કાર્ય માટે ટેન્ડરો આમંત્રિત કરવામાં આવે છે. કાર્યનું નામ: EL-TRD-Tender-25-26-38-1 વડોદરા મંડળમાં કેન્ટિલીવર પર ડબલ ઈન્ક્લાઈન્ડ ડ્રોપર, સ્પેર બ્રિજ માસ્ટ, ATD માટે IOT આધારિત રિમોટ મોનિટરિંગ સિસ્ટમ તથા સુરત–ગેરતપુર અને વડોદરા–ગોધરા વિભાગમાં નોન-કોર અને નોન-પાવર બ્લોક O H E પ્રવૃત્તિઓના સંદર્ભમાં O H E ફેરફાર અને અન્ય સંલગ્ન કાર્ય. અંદાજિત કિંમત: ₹8,33,33,338/- બિડ સુરક્ષા રકમ : ₹16,66,700/- કાર્ય પૂર્ણ કરવાની અવધિ: 24 મહિના ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય: 21.07.2026 ના રોજ 15:00 કલાકે વેબસાઇટ અને સ્થળની વિગતો જ્યાંથી સંપૂર્ણ વિગતો જોઈ શકાય છે અને ઓફિસ જ્યાંથી ટેન્ડર ફોર્મ ખરીદી શકાય છે.: વેબસાઇટ: www.ireps.gov.in કાર્યાલયનું સરનામું: મંડળ રેલ પ્રબંધક (ઇલેક્ટ્રિકલ TRD) પશ્ચિમ રેલવે પ્રતાપનગર, વડોદરા – 390004
BRC 119
અમને લાઇક કરો: facebook.com/WesternRly

DAKSHIN GUJARAT VIJ CO LTD.
CIN U40102GJ2003SGC042909
KADODARA DIVISION OFFICE
GETCO 66 KV S/S COMPOUND, Kadodara-Surat Road, Char Rasta Kadodara, Ta: Palsana Dist. :Surat - 394327 Telephone : 02622 - 275911
DGVCL
Regd.&Corporate Office:-"UrjaSadan",Nana Varachha, Kapodara Char Rasta, Surat-395006 Website: www.dgvcl.com

Tender Notice

Tenders are invited from registered contractors for (1)Tender for ARC for Hiring of crane (Hydra) under kadodara-2 S/dn. under Kadodara Division.(2)Tender for ARC work of Erection & Maintenance of HT, LT, & TC work at 66 KV Jolva and jolwa S/S area andvarious villages under Kadodara-2 S/dn under KADODARA Division for Various scheme work.(3)Tender for Attend the cable fault at site FROM RECIVING the message from CONCERN S/DN AND LOCATING THE FAULT UNDERGROUND CABLE and Rectify the fault (XLPE cable will be supplied byDGVCL) with cable end termination and straight through joints kits (to be supplied by contractor) as per norms under all scheme for the year 2026-2027 for Kadodara-1 Sub division under Kadodara Division.(4)Tender for hiring of non AC closed body jeep or parallel diesel driven vehicle for 12 hrs under Palsana S/dn.(5)Tender for hiring of utility pickup jeep or parallel diesel driven vehicle for 24 hrs on contract basis under Palsana S/dn.(6)Tender for or work of Maintenance of HT, LT, TCDP, DO-DP, CTPT DP and Service Connection as per norms under all scheme for the year 2026-2027 for Kadodara-1 Sub division under Kadodara Division.(7)Tender for Work of Erection & Maintenance work of HT/LT line & TC and HT XLPE UG CABLE Work (Only Upto 300 MTR HT UG CABLE work) on ARC Basis for work under Various Schemes under KAMREJ RURAL S/dn under KADODARA Division.(8)Tender for Work of Laying, Testing & Commissioning of 11kV XLPE HT UG cable work(upto 300 mtr) and HT LT TC erection work under various scheme of all ss feeder worksunder Palsana sdn.(9)Tender for work of supply, laying, testing and commissioning of 11 KV cable (OH)(XLPE cable will be supplied by DGVCL) with cable end termination and straight through joints kits (to besupplied by contractor), Erection of HT, LT, TCDP, DO-DP, CTPT DP and Service Connection as per norms underall scheme for the year 2026-2027 for Kadodara-1 Sub division under Kadodara Division.(10)Tender for work of supply, laying, testing and commissioning of 11 KV Underground cable (Up to 300 meter Length) (XLPE cable will be supplied by DGVCL) with cable end termination and straight through joints kits (to be supplied by contractor), Erection of HT, LT, TCDP, DO-DP, CTPT DP andService Connection as per norms under all scheme for the year 2026- 2027 for Kadodara-1 Sub division underKadodara Division.(11)Tender for work of supply, laying, testing and commissioning of 11/22 KV cable (OH+UG) (XLPE cable will be supplied by DGVCL) with cable end termination and straight through joints kits (to be supplied by contractor) as per norms under all scheme for the year 2026-2027 for Kadodara-1 Sub division.(12)Tender for work of the Installation of Chemical Earthing at various Transformer Center Through out sourced agency for Existing DGVCL Network at jurisdiction of Kadodara-1 Sub division under Kadodara Division.(14)Tender work of supply, laying, testing and commissioning of 11/22 KV OH XLPE cable & Erection work of HT ,LT,TC & Service Connection (Cable will be supplied by DGVCL) with cable end termination (to be supplied by contractor) as per norms under all scheme at Sevani Sub division under Kadodara Division.(15)Tender work of supply, laying, testing and commissioning of 11/22 KV UG Cable Work Up TO300 Mtrs & OH XLPE cable & Erection work of HT ,LT,TC & Service Connection (Cable will be supplied by DGVCL) with cable endtermination (to be supplied by contractor) as per norms under all scheme at Sevani Sub division under Kadodara Division.

For further details & download, please visit tender.dgvcl.com & https://tender.nprocure.com

Executive Engineer (O&M), Kadodara Division, DGVCL.

Install MCB/ ELCB/ RCCB & Prevent Electric Shocks/ Electrical Accidents

Muthoot Homefin
Muthoot Homefin (India) Ltd.
CIN-U65922KL2011PLC029231
કોર્પોરેટ ઓફિસઃ મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ, 19/E, ધ રૂબી, સેનાપતિ બાપટ માર્ગ, તુલસી પાઇપ રોડ, રૂપારેલ કોલેજ પાસે, દાદર વેસ્ટ, મુંબઈ - 400028.
શાખા ઓફિસઃ મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ, 503, સેફાયર બિઝનેસ હબ, એલ.પી. સવાણી રોડ, મધુવન સર્કલ પાસે, અડાજણ, સુરત, ગુજરાત - 395009.

પરિશિષ્ટ–IV-A [નિયમ 8(6)ની શરતો જુઓ]
ખાનગી સમજૂતી તેમજ વેચાણ માટેની જાહેર નોટિસ

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ દેવાદાર(ઓ) પાસેથી બાકી રકમની વસૂલાત માટે મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડના અધિકૃત અધિકારી દ્વારા નીચે જણાવેલ સુરક્ષિત સંપત્તિનો કબજો લીધા પછી, નીચે સહી કરનાર દ્વારા સ્થાવર મિલકતની ખરીદી માટે સીલબંધ કવરમાં ઓફરો આમંત્રિત કરવામાં આવે છે. આ મિલકતનો કબજો જે સ્થિતિમાં છે, જ્યાં છે ત્યાં અને જે કંઈ પણ છે તે આધાર પર છે, જેની વિગતો નીચે મુજબ છેઃ-

અ. નં.	દેવાદાર(ઓ)/ સહ-દેવાદાર(ઓ)/ જામીનદાર(ઓ)/ લોન ખાતા નંબર/ શાખા	માંગણી નોટિસની તારીખ અને રકમ	સ્થાવર મિલકતનું વર્ણન	અનામત કિંમત	બાનાની રકમ (EMD) (અનામત કિંમતના 10%)
1.	જોગેન્દ્ર ભજારામ નાહક / મંજુલા ભજારામ નાહક / 004-00405088 / સુરત	26-ડિસેમ્બર-2020 રૂ. 6,93,125/- (રૂપિયા છ લાખ ત્રાણું હજાર એકસો પચીસ પૂરા)	ફ્લેટ નંબર 202, નંદ રેસિડેન્સી, સાઈ દર્શન, આર.એસ. નંબર-93/1, બ્લોક નંબર 121, સુરત બારડોલી રોડ પાસે, બગુમરા, સુરત, ગુજરાત - 394305. સબ રજિસ્ટ્રાર પલસાણાની કચેરીમાં નોંધાયેલ વેચાણ દસ્તાવેજ નંબર 13029/2018, તારીખ-13/06/2018 માં વધુ વિગતવાર ઉલ્લેખિત છે.સીમાઓઃ ઉત્તરેઃ 6 મીટર રોડ, દક્ષિણેઃ નજીકનો પ્લોટ નંબર 194, 205, પૂર્વેઃ 6 મીટર રોડ, પશ્ચિમેઃ 6 મીટર રોડ.	રૂ. 1,80,000/- (રૂપિયા એક લાખ એંસી હજાર પૂરા)	રૂ. 18,000/- (રૂપિયા અઢાર હજાર પૂરા)
2.	રાજનાથ ગિરજાશંકર પાંડે / સત્યદેવ રાજનાથ પાંડે / 004-00402188 / સુરત	27-જાન્યુઆરી-2021 રૂ. 6,43,589.06/- (રૂપિયા છ લાખ તેતાલીસ હજાર પાંચસો નેવ્યાસી અને છ પૈસા પૂરા)	ફ્લેટ નંબર 502, રંગમહેલ, વરેલી, પલસાણા, સુરત, ગુજરાત - 395010. સબ રજિસ્ટ્રાર પલસાણાની કચેરીમાં નોંધાયેલ વેચાણ દસ્તાવેજ નંબર 17135-2017, તારીખ-16/11/2017માં વધુ વિગતવાર ઉલ્લેખિત છે. સીમાઓઃ ઉત્તરેઃ રાધે રેસિડેન્સી, દક્ષિણેઃ નજીકની સોસાયટી, પૂર્વેઃ નજીકની સોસાયટી, પશ્ચિમેઃ રોડ.	રૂ. 1,00,000/- (રૂપિયા એક લાખ પૂરા)	રૂ. 10,000/- (રૂપિયા દસ હજાર પૂરા)
3.	રામ વૃક્ષ / વેલાવતી / 004-00405879 / સુરત	21-નવેમ્બર-2022 રૂ. 3,94,237/- (રૂપિયા ત્રણ લાખ ચોરાણું હજાર બસો સાડત્રીસ પૂરા)	ફ્લેટ નંબર 504, રંગમહેલ, વલ્લભનગર, વરેલી, પલસાણા, સુરત, ગુજરાત - 394305.	રૂ. 1,00,000/- (રૂપિયા એક લાખ પૂરા)	રૂ. 10,000/- (રૂપિયા દસ હજાર પૂરા)
3.	શામજીભાઈ લખમણભાઈ હડીયા / ચતુરાબેન લાખાભાઈ હડીયા / 004-00402978 / સુરત	26-ડિસેમ્બર-2020 રૂ. 6,42,257/- (રૂપિયા છ લાખ બેતાલીસ હજાર બસો સત્તાવન પૂરા)	401, ચોથો માળ, રુદ્રાણી કોમ્પ્લેક્સ, વલ્લભનગર, વરેલી, બ્લુ ડેલ સ્કૂલ પાસે, પલસાણા, સુરત, ગુજરાત - 394140. સબ રજિસ્ટ્રાર પલસાણાની કચેરીમાં નોંધાયેલ વેચાણ દસ્તાવેજ નંબર 00918/2018, તારીખ-10/01/2018માં વધુ વિગતવાર ઉલ્લેખિત છે. સીમાઓઃ ઉત્તરેઃ સોસાયટી રોડ, દક્ષિણેઃ નજીકની બિલ્ડિંગ, પૂર્વેઃ સોસાયટી રોડ, પશ્ચિમેઃ નજીકની બિલ્ડિંગ.	રૂ. 1,00,000/- (રૂપિયા એક લાખ પૂરા)	રૂ. 10,000/- (રૂપિયા દસ હજાર પૂરા)

1. હરાજી "જે સ્થિતિમાં છે જ્યાં ત્યાં" અને "જે કંઈ પણ છે" તે આધાર પર યોજવામાં આવી રહી છે.
2. હરાજી વેચાણની વિગતવાર શરતો અને નિયમો નિર્ધારિત ટેન્ડર ફોર્મમાં સામેલ છે, જે ઉપર દર્શાવેલ પ્રાદેશિક ઓફિસ પર ઉપલબ્ધ છે.
3. નિર્ધારિત ટેન્ડર ફોર્મમાં સીલબંધ બિડ/ઓફર સબમિટ કરવાની છેલ્લી તારીખ 14-જુલાઈ-2026ના રોજ સાંજે 04:00 વાગ્યા સુધી ઉપર જણાવેલ પ્રાદેશિક ઓફિસના સરનામે છે. આ સાથે EMDની રકમ 'Muthoot Homefin (India) Ltd.'ના પક્ષમાં ડિમાન્ડ ડ્રાફ્ટ (DD) દ્વારા અને KYC દસ્તાવેજો સાથે આપવાની રહેશે. સંપૂર્ણ રીતે ન ભરાયેલા ટેન્ડરો અથવા અંતિમ તારીખ પછી મળેલા ટેન્ડરો અમાન્ય ગણાશે અને તે મુજબ રદ કરવામાં આવશે. EMDની રકમ પર કોઈ વ્યાજ ચૂકવવામાં આવશે નહીં.
4. સ્થાવર મિલકતના નિરીક્ષણની તારીખ 13-જુલાઈ-2026ના રોજ બપોરે 01:00 થી બપોરે 03:00 વાગ્યા સુધી રાખવામાં આવી છે.
5. મિલકત માટે બિડ/ઓફર હરાજી ખોલવાની તારીખ 15-જુલાઈ-2026ના રોજ બપોરે 01:00 વાગ્યે ઉપર જણાવેલ શાખા કચેરીના સરનામે અધિકૃત અધિકારી દ્વારા નક્કી કરવામાં આવી છે.
6. MHIL કોઈપણ બાકી કાનૂની નોટિસ અને બોજો/ટેક્સ બાકી વગેરે (જો કોઈ હોય તો) ચૂકવવા માટે જવાબદાર રહેશે નહીં અને તે રકમ ચૂકવવાની જવાબદારી સફળ હરાજી ખરીદનારની રહેશે. ઇચ્છુક બોલી લગાવનારે મિલકતના બોજા અને માલિકીના હક અંગે પોતાની સ્વતંત્ર તપાસ કરવી જોઈએ અને સાથે જ મિલકતનું નિરીક્ષણ કરીને પોતે સંતુષ્ટ થવું જોઈએ.
7. સૌથી વધુ બોલી લગાવનારની પસંદગી MHIL લિમિટેડની મંજૂરીને આધીન રહેશે. અધિકૃત અધિકારી પાસે કોઈપણ કારણ આપ્યા વિના મળેલી તમામ અથવા કોઈપણ ઓફર/બિડ સ્વીકારવા કે નકારવાનો અધિકાર અનામત રહેશે. તેમનો નિર્ણય અંતિમ અને બંધનકર્તા રહેશે.
8. દેવાદાર(ઓ)/જામીનદાર(ઓ)ને આથી સરફેસી એક્ટ, 2002 હેઠળ 15 દિવસની વેચાણ નોટિસ આપવામાં આવે છે કે તેઓ હરાજીની તારીખ પહેલાં ઉપર દર્શાવેલ રકમ ચૂકવી દે, તેમ ન કરવાના સંજોગોમાં સ્થાવર મિલકતની હરાજી કરવામાં આવશે અને જો કોઈ રકમ બાકી રહેશે તો તે વ્યાજ અને ખર્ચ સાથે વસૂલ કરવામાં આવશે. જો દેવાદાર વેચાણની તારીખ પહેલાં મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડને બાકી નીકળતી તમામ રકમ પૂરેપૂરી ચૂકવી દે છે, તો હરાજી રદ કરવાને પાત્ર રહેશે.

વધુ વિગતો માટે, ઉપર જણાવેલ ઓફિસ સરનામે અધિકૃત અધિકારીનો સંપર્ક કરો. સંપર્ક વ્યક્તિઃ અમર પાટીલ - 9737057744
તારીખઃ 23 જૂન, 2026, સ્થળઃ સુરત
સહી/- અધિકૃત અધિકારી, મુથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ

સ્થાનિક વહીવટીતંત્રની ફરજ ફૂટપાથો બનાવવાની અને જાળવવાની છે

ટુ ધ પોઇન્ટ
■ સંજય વોરા ■

ભારતમાં માર્ગ સલામતી અંગે એક ચિંતાજનક ચિત્ર સામે આવી રહ્યું છે. માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયના તાજેતરના અહેવાલ મુજબ ૨૦૧૯ થી ૨૦૨૪ દરમિયાન દેશભરમાં માર્ગ અકસ્માતમાં ૧.૮૦ લાખથી વધુ રાહદારીઓનાં મોત થયાં છે. આનો અર્થ એ થયો કે દર વર્ષે સરેરાશ ૩૦,૫૦૦ થી વધુ લોકો ફક્ત એટલા માટે જીવ ગુમાવી રહ્યા છે, કારણ કે રસ્તાઓ પર તેમના માટે ચાલવાની કોઈ સલામત વ્યવસ્થા નથી. ભારતના મોટરિસ્ટો તો એવું જ માને છે કે રોડ ઉપર માત્ર તેમનો જ અધિકાર છે. તેઓ કોઈ પણ રાહદારીને રસ્તો ક્રોસ કરતાં જુએ ત્યારે વાહન ઊભું રાખવાને બદલે તેમના પર ધસી જાય છે. શહેરના વહીવટદારો પણ રસ્તાઓ બનાવે ત્યારે ફૂટપાથ બનાવવાનું ભૂલી જાય છે. ફૂટપાથ બને તો પણ તેના પર દુકાનદારોનું અને ફેરિયાઓનું અતિક્રમણ થાય છે, જેને કારણે પગે ચાલનારાને રોડ ઉપર ચાલવું પડે છે. આપણા દેશમાં સિક્સ લાઈન અને એઈટ લાઇનના હાઇ વે બને છે, પણ તેમાં એક પણ લાઈન રાહદારીઓ માટે રાખવામાં આવતી નથી. જો કોઈ રાહદારી હાઇ વે ક્રોસ કરવા માંગતો હોય તો તેણે પોતાનો જીવ જોખમમાં મૂકી દેવો પડે છે. નિષ્ણાતો માને છે કે ભારતમાં રાહદારીઓની સલામતીની લાંબા સમયથી અવગણના કરવામાં આવી છે, જેના કારણે મૃત્યુઆંક સતત વધી રહ્યો છે. તાજેતરમાં સુપ્રીમ કોર્ટે ચાલવું એ નાગરિકોનો મૂળભૂત અધિકાર જાહેર કર્યો છે અને સરકારને ફૂટપાથ અને સલામત રાહદારી રસ્તાઓ સુનિશ્ચિત કરવા માટે મજબૂત કાયદો ઘડવાનો નિર્દેશ આપ્યો છે.

રાહદારીઓના મૃત્યુની વધતી સંખ્યા પર ચિંતા વ્યક્ત કરતાં સુપ્રીમ કોર્ટે તાજેતરમાં એક મહત્ત્વપૂર્ણ આદેશ જારી કર્યો હતો કે સલામત ચાલવું એ નાગરિકોનો મૂળભૂત અધિકાર છે, જે બંધારણની કલમ ૨૧મી હેઠળ જીવનના અધિકારનો એક ભાગ છે. સુપ્રીમ કોર્ટે સરકારને નિર્દેશ આપ્યો હતો કે તમામ માર્ગ વપરાશકર્તાઓ માટે સ્પષ્ટ રીતે સીમાંકિત ફૂટપાથ અને સલામત રાહદારી રસ્તાઓ સુનિશ્ચિત કરવામાં આવે. સુપ્રીમ કોર્ટે અગાઉ ફૂટપાથ પર અતિક્રમણ અને રાહદારીઓની સલામતી અંગે પણ ટિપ્પણીઓ કરી છે. દેશની તમામ પંચાયતો, નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓ સુપ્રીમ કોર્ટના આ આદેશનું પાલન કરવાને બંધાયેલી છે. સુપ્રીમ કોર્ટે ધારદાર અવલોકન કર્યું છે કે ભારતીય શહેરો અને નગરોની ડિઝાઇન લાંબા સમયથી વાહનો પર વધુ પડતું ધ્યાન કેન્દ્રિત કરીને બનાવવામાં આવે છે, જેના કારણે રાહદારીઓ હાંસિયામાં ધકેલાઈ ગયા છે. જ્યાં પણ ફૂટપાથ અસ્તિત્વમાં છે, ત્યાં પણ મોટરાઇઝ્ડ પરિવહનનું વર્ચસ્વ જોવા મળે છે. સુપ્રીમ કોર્ટે ધ્યાન દોર્યું કે શહેરી આયોજન ધીમે ધીમે માનવીય અવરજવર કરતાં મોટરાઇઝ્ડ પરિવહનને પ્રાથમિકતા આપે છે. કોર્ટે કહ્યું કે તે શરમજનક છે કે આપણે પદયાત્રીઓના અધિકારોને ઓળખવા અને તેનું રક્ષણ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં નિષ્ફળ ગયા. આ કદાચ એટલા માટે હતું કારણ કે આપણી કલ્પનાશક્તિ પર વાદળો છવાઈ ગયાં હતાં અને આપણું શહેર વહીવટીતંત્ર મોટર વાહનો માટે યોગ્ય રસ્તાઓ બનાવવામાં વ્યસ્ત હતું. આ કદાચ ઉચ્ચ વર્ગની ભાવનાથી પણ પ્રેરિત હોઈ શકે છે, કારણ કે પૈડાંવાળાં મશીનો ફક્ત શ્રીમંતો માટે જ હતાં. જેમ જેમ અર્થતંત્રનો વિકાસ થયો અને સસ્તાં મોટર વાહનો બજારમાં પ્રવેશ્યાં, તેમ તેમ મોટરાઇઝ્ડ પરિવહનનાં તમામ માધ્યમો રસ્તાઓ પર પ્રભુત્વ ધરાવતાં થયાં છે. રાહદારીઓને એટલી હદે હાંસિયામાં ધકેલી દેવામાં આવ્યાં છે કે તેમને વાહનચાલકો માટે ઉપદ્રવ માનવામાં આવે છે, જેઓ નિયમિતપણે રાહદારીઓ અને તેમની ફૂટપાથ પર વાહન ચલાવે છે. આ અભિગમ હવે ચાલુ રહી શકે નહીં. બેન્ચે સુપ્રીમ કોર્ટ રજિસ્ટ્રીને આ ચુકાદાની નકલ ગૃહ અને શહેરી બાબતો, ગ્રામીણ વિકાસ, માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયોને મોકલવાનો નિર્દેશ આપ્યો છે, જેથી તેઓ જરૂરી કાનૂની માળખું બનાવવાની તાત્કાલિક જરૂરિયાત પર વિચાર કરી શકે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે તેમના નિર્ણયની એક નકલ કાયદા પંચને પણ મોકલવી જોઈએ.

સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે જો કોઈ રાહદારી ફૂટપાથના અભાવે ઇજા પામે કે મરણ પામે તો જાહેર ફરજોના અમલીકરણ માટે શહેરી વિકાસ સત્તાવાળાઓ, મ્યુનિસિપલ કોર્પોરેશનો, નગરપાલિકાઓ અથવા પંચાયતો સામે બંધારણની કલમ ૩૮-૪૦ અથવા ચોક્કસ રાહત અધિનિયમ, ૧૯૬૩ હેઠળ વળતરની માંગણી કરી શકાય છે. સુપ્રીમ કોર્ટે ઠરાવ્યું છે કે નિયુક્ત ફૂટપાથ પર ચાલવાના મૂળભૂત અધિકારના ઉલ્લંઘન માટે નુકસાનીનો દાવો કરવાનો અધિકાર છે. આ અધિકાર મોટર વાહન અધિનિયમ હેઠળ વ્યક્તિ કરી શકે તેવા દાવાથી અલગ છે. બેન્ચે કહ્યું કે જ્યારે નિયુક્ત ફૂટપાથ પર ચાલવાનો અધિકાર કલમ ૨૧ અને ૧૯ (૧)(ડી) નો મૂળભૂત ભાગ છે, ત્યારે તેના માટે કોઈ કાયદો અસ્તિત્વમાં નથી. આ અધિકાર જાહેર કરવા માટે જ નહીં પરંતુ તેને સુનિશ્ચિત કરવા માટે જવાબદાર લોકોની ઓળખ કરવા માટે પણ કાનૂની માળખું જરૂરી છે. આ કાયદામાં અધિકારોનું રક્ષણ અને વૃદ્ધિ થવી જોઈએ, ઉલ્લંઘનના કિસ્સામાં તાત્કાલિક નિવારણની જોગવાઈ કરવી જોઈએ અને આ મહત્ત્વપૂર્ણ અધિકારની યોજના બનાવવા, તેને અમલમાં મૂકવા અને લાગુ કરવા માટે પૂર્ણ સમયના નિયમનકારની સ્થાપના કરવી જોઈએ. ભારતના માર્ગ પરિવહન મંત્રાલયના આંકડા અનુસાર ૨૦૧૯ થી ૨૦૨૪ દરમિયાન માર્ગ અકસ્માતોમાં જે ૧.૮૦ લાખથી વધુ રાહદારીઓનાં મોત થયાં તેમાંથી લગભગ ૩૧ ટકા મૃત્યુ રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર થયાં હતાં. આ ડેટા દર્શાવે છે કે ભારતના હાઇ વે પર રાહદારીઓની સલામતી અત્યંત નબળી છે. રિપોર્ટમાં એ પણ ખુલાસો થયો છે કે ૨૦૨૪ માં રાહદારીઓના લગભગ ૫૪ ટકા મૃત્યુ ટુ-વ્હીલર અને કાર સાથે અથડામણને કારણે થયાં હતાં. નિષ્ણાતો કહે છે કે રસ્તાની અસુરક્ષિત ડિઝાઇન અને ફૂટપાથનો અભાવ આ અકસ્માતોનાં મુખ્ય કારણો છે. મંત્રાલયના અહેવાલ મુજબ રાહદારીઓનાં મૃત્યુની યાદીમાં તમિલનાડુ ૪,૭૧૨ મૃત્યુ સાથે ટોચ પર છે, ત્યાર બાદ બિહાર ૪,૧૪૯, મહારાષ્ટ્ર ૩,૩૪૪ અને પશ્ચિમ બંગાળ ૩,૨૪૧ મૃત્યુ સાથે બીજા ક્રમે છે. અહેવાલમાં એ પણ દર્શાવવામાં આવ્યું છે કે ૧૦ લાખથી વધુ વસ્તી ધરાવતાં ૫૩ મુખ્ય શહેરોમાં ૪,૩૨૮ રાહદારીઓનાં મૃત્યુ થયાં છે, જે કુલ અકસ્માતોના આશરે ૧૧.૮ ટકા છે. મોટા ભાગના અકસ્માતો શહેરોની બહાર રાષ્ટ્રીય અને રાજ્ય ધોરીમાર્ગો પર થઈ રહ્યા છે.

ઇન્ડિયા રોડ સેફ્ટી કેમ્પેનના વડા અમર શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે સરકારે શહેરી વિસ્તારોની બહાર રાહદારીઓના મૃત્યુનાં વાસ્તવિક કારણોનો સંપૂર્ણ અભ્યાસ કરવો જોઈએ અને રાષ્ટ્રીય અને રાજ્ય ધોરીમાર્ગો પર રાહદારીઓ માટે પણ માર્ગો વિકસાવવા જોઈએ. માર્ગ સલામતી નિષ્ણાત અને ભૂતપૂર્વ સંયુક્ત સચિવ અભય દામલેના મતે દેશમાં ફૂટપાથ અને રાહદારીઓની સુવિધાઓ માટેનાં ધોરણો પહેલાંથી જ અસ્તિત્વમાં છે. સમસ્યા આ ધોરણોનો અભાવ નથી, પરંતુ તેમના અસરકારક અમલીકરણની છે. નિષ્ણાતો માને છે કે જ્યાં સુધી રસ્તાનું બાંધકામ વાહનચાલકોને ધ્યાનમાં રાખીને કરવામાં આવશે ત્યાં સુધી રાહદારીઓની સલામતી સુનિશ્ચિત કરી શકાશે નહીં. બાળકો, વૃદ્ધો અને અપંગ નાગરિકો માટે સલામત ફૂટપાથ અને રોડ ક્રોસિંગ હવે સમયની તાત્કાલિક જરૂરિયાત છે. સુપ્રીમ કોર્ટ સમક્ષ ચાલી રહેલા બીજા એક કેસમાં એમિકસ ક્યુરીએ સૂચન કર્યું છે કે રાષ્ટ્રીય ધોરીમાર્ગો રાહદારીઓ માટે સ્પષ્ટ સંકેતો અને ચેતવણીનાં બોર્ડ લગાવવામાં આવે. આવા સૂચકાંકો અકસ્માતો ઘટાડવામાં મદદ કરી શકે છે.

સર્વોચ્ચ અદાલતે કહ્યું કે રસ્તાઓ પર રાહદારીઓ માટે નિયુક્ત અને સારી રીતે બનાવેલા ફૂટપાથ હોય તે સુનિશ્ચિત કરવું જરૂરી છે. શહેરી વિકાસ સત્તાવાળાઓ, મ્યુનિસિપલ કોર્પોરેશનો, નગરપાલિકાઓ અને પંચાયતો ફૂટપાથ બનાવવા અને જાળવવા માટે જવાબદાર છે. તેમણે ફૂટપાથ અને અન્ય રાહદારી માળખાકીય સુવિધાઓની ડિઝાઇન, બાંધકામ અને જાળવણી કરવી જોઈએ, જેથી ખાતરી કરી શકાય કે તે સલામત છે, કારણ કે ચાલવું એ જીવનનો એક આવશ્યક ભાગ છે. સુપ્રીમ કોર્ટે નિયુક્ત ફૂટપાથ પર ચાલવાના રાહદારીઓના મૂળભૂત અધિકારને વધુ સારો અને અસરકારક બનાવવા માટે એક નિયમનકારી સંસ્થા બનાવવા પર પણ ભાર મૂક્યો છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

સુપ્રીમ કોર્ટે ચાલવું એ નાગરિકોનો મૂળભૂત અધિકાર જાહેર કર્યો છે અને સરકારને ફૂટપાથ અને સલામત રાહદારી રસ્તાઓ સુનિશ્ચિત કરવા માટે મજબૂત કાયદો ઘડવાનો નિર્દેશ આપ્યો છે

ભારત સામેની ટી-20 સીરિઝ માટે ઈંગ્લેન્ડની ટીમ જાહેર, હેરી બ્રુક કેપ્ટન તરીકે યથાવત

અનકેપ્ડ ઓલરાઉન્ડર જેમ્સ કોલ્સનો સમાવેશ

લંડન, તા. 22 : ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડ (ઈસીબી)એ આગામી મહિને ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાનારી ટી-20 સીરિઝ માટે 17 સભ્યોની ટીમની જાહેરાત કરી છે. યુવા બેટ્સમેન હેરી બ્રુક આ સીરિઝમાં ટીમનું નેતૃત્વ કરશે. ઈંગ્લેન્ડ ટીમમાં એકમાત્ર નવો ખેલાડી 21 વર્ષીય અનકેપ્ડ ઓલરાઉન્ડર જેમ્સ કોલ્સ છે, જેણે ઘરઆંગણે અને ઈંગ્લેન્ડ લાયન્સ માટે પોતાના પ્રભાવશાળી પ્રદર્શનને કારણે સિનિયર ટીમમાં પ્રથમ કોલ-અપ મેળવ્યો છે. હેરી બ્રુકને ઈંગ્લેન્ડના નિયમિત ટી-20 કેપ્ટન તરીકે જાળવી રખાયો છે. બ્રાયડન કાર્સ અને જેમી ઓવરટન ઈજાને કારણે પસંદગી માટે ઉપલબ્ધ નહોતા.

ભારત વિ ઇંગ્લેન્ડ ટી-20 સીરિઝનું શેડ્યુલ

તારીખ	મેચ	સ્થળ
1 જુલાઈ	પહેલી ટી-20	ચેસ્ટર-લે-સ્ટ્રીટ
4 જુલાઈ	બીજી ટી-20	માન્ચેસ્ટર
7 જુલાઈ	ત્રીજી ટી-20	ટ્રેન્ટ બ્રિજ
9 જુલાઈ	ચોથી ટી-20	બ્રિસ્ટોલ
11 જુલાઈ	પાંચમી ટી-20	સાઉથમ્પ્ટન

ટી-20 સીરિઝ માટે ઈંગ્લેન્ડની ટીમ

હેરી બ્રુક (કેપ્ટન), રેહાન અહેમદ, જોફ્રા આર્ચર, સોની બેકર, ટોમ બેન્ટન, જેકબ બેથેલ, જોસ બટલર, જેમ્સ કોલ્સ, જોર્ડન કોક્સ, સેમ કુરન, લિયામ ડોસન, વિલ જેક્સ, સાકિબ મહમૂદ, આદિલ રશીદ, ફિલ સોલ્ટ, જોશ ટંગ, લ્યુક વુડ.